Meetમનુ / meetમ

(1) શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિને સવિસ્તાર વર્ણવો.

Ans

શૈક્ષણિક મનોવિજ્ઞાન માનવ શીખવા - શીખવવાની પ્રક્રિયા, વર્તન, પ્રેરણા, વ્યક્તિત્વ, બુદ્ધિ, ભાવનાઓ, અભિગમ વગેરેનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે. આવા વિષયો ઘણીવાર મનમાં ચાલતી આંતરિક પ્રક્રિયાઓ સાથે જોડાયેલા હોવાથી સીધું જોઈ ન શકાય. તેથી સંશોધનમાં માહિતી મેળવવા માટે વિવિધ અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

આ પદ્ધતિઓમાં મુલાકાત અને પ્રશ્નાવલી બે મુખ્ય અને પરંપરાગત પદ્ધતિઓ છે. બંને પદ્ધતિ માહીતી મેળવવાના સાધનો છે, પરંતુ તેમની રીત, પ્રક્રિયા, ફાયદા અને મર્યાદા જુદાં હોઈ બંનેને વિગતવાર સમજવા આવશ્યક છે.

Meetrai / Meetradi

(1) મુલાકાત પદ્ધતિ :-

પરિભાષા :-

મુલાકાત પદ્ધતિ એ સંશોધક તથા પ્રતિભાવક દરેકની સામસામે મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા માહિતી મેળવવાની પદ્ધતિ છે. અહીં પૂછવામાં આવતાં પ્રશ્નો ખુલ્લા કે બંધ પ્રકારના હોઈ શકે છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિની ભાવનાઓ, વિચારો, માન્યતાઓ, વલણ તથા માનસિક સ્થિતિ જાણવા સરળ બને છે.

* મુલાકાતની મુખ્ય વિશેષતાઓ :-

- પ્રશ્નોત્તરી મૌખિક સ્વરૂપે થાય છે.
- સંશોધક અને પ્રતિભાવક સીધા સંપર્કમાં રહે
- ભય જો તાણ, ખુલ્લું અને સ્વાભાવિક મેળ
- વાતચીતમાં લવચીકતા રહે, જરૂર પડે ત્યાં વધારાની પૂછપરછ.

12/20 16:19

Meetરવાં / Meetરવા

- સંશોધક હાવભાવ, ચહેરાના ઇશારા, અવાજ નો ટોન પણ નિરીક્ષણ કરે.

* મુલાકાતના પ્રકાર વિગતવાર :-

1. સંરચિત મુલાકાત :-

- પ્રશ્નો પૂર્વ નિયોજિત અને નક્કી કરેલ ક્રમ માં પૂછવામાં આવે છે.
- દરેક પ્રતિભાવકને સમાન પ્રશ્નો હોય છે. — સરખામણી સરળ
- ઉદાહરણ :- શાળા માં 10 વિદ્યાર્થીઓની પરીક્ષા તણાવ વિશે માનક પ્રશ્નો.

2. અસંરચિત મુલાકાત :-

- પ્રશ્નો બંધનકારક નથી હોતા.
- સ્વતંત્ર ચર્ચા, પ્રતિભાવકને ખુલ્લું વાત કરવાની છૂટ હોય છે.

Meetraj / Meetraj

- તેના દ્વારા ગહન માહિતી મળે છે.

- ઉદાહરણ :- વિદ્યાર્થી કેમ એકલાપણું અનુભવે છે તે ઉકેલવા.

3. અર્ધ - સંરચિત મુલાકાત :-

- થોડા પ્રશ્નો નક્કી હોય છે. થોડા પ્રશ્નો સ્વતંત્ર હોય છે.

- બંને પદ્ધતિના લાભ મળે છે.

4. વ્યક્તિગત મુલાકાત :-

- એક - થી - એક વાતચીત, વિદ્યાર્થી માત્ર વાતાવરણ

5. સમૂહ મુલાકાત :-

- એક સાથે અનેક પ્રતિભાવો મેળવા મળે છે.

- સમય ઓછો લાગે છે, પરંતુ માનસિક ઊંડાણ ઓછું હોય છે.

Meetરવાડ / Meetરવા

6. ટેલિફોન / ઓનલાઇન મુલાકાત

- દુરસ્થ વિસ્તારો માટે ઉપયોગી છે, જેમાં સમય ની બચત થાય છે.

- ચહેરાની અભિવ્યક્તિ વાંચવામાં મર્યાદા હોય છે.

* મુલાકાત ની પ્રક્રિયા :-

1. સંશોધન નો હેતુ સ્પષ્ટ કરવો

2. યોગ્ય વ્યક્તિઓની પસંદગી

3. પ્રશ્નો તૈયાર કરવા (સરળ અને સ્પષ્ટ)

4. મુલાકાત માટે સ્થળ - સમય નક્કી

5. મૈત્રીપૂર્ણ વાતાવરણ તૈયાર કરવું

6. પ્રશ્નો પૂછી શરૂ કરવા, શાંતિપૂર્વક રીતે સાંભળવું

7. વધારાના પ્રશ્નો પૂછી માહિતી ઊંડાણ થી મેળવવા.

Meetraj / Meetraj

8. માહિતી નોંધવા / રીપોર્ટ કરવા

9. માહિતી નું વિશ્લેષણ કરીને રિપોર્ટ બનાવવો.

* લાભો :-

○ વ્યક્તિની ભાવનાત્મક સ્થિતિ વિશે જાણી શકાય છે.

○ શંકાસ્પદ મુદ્દે તાત્કાલિક પુછપરછ કરીને સ્પષ્ટતા મેળવી શકાય છે.

○ જટિલ અને નાજુક બાબતોમાં પણ માહિતી પ્રાપ્ત થાય છે.

○ બાળકો, વિકલાંગો અને ઓછું લખી શકતા લોકો માટે યોગ્ય છે.

○ નિરીક્ષણ સાથે મળી વધુ વ્યક્તિગત સમજ મળે છે.

# Meetrai / Meetrai

* મર્યાદાઓ :-

- સમય, નાણાં અને મહેનત ની દ્રષ્ટિએ વધુ ખર્ચાળ અને સમય લે છે.
- મોટા નમૂનામાં કરવું મુશ્કેલ છે.
- ઇન્ટરવ્યુઅર બાયસ, ભાવનાત્મક અસર
- પ્રતિભાવક ખોટી છબી બતાવવા નો પ્રયાસ કરી શકે છે.
- ગોપનીયતા, વિશ્વાસ અને વાતાવરણ નો પ્રભાવ પડે છે.

* મુલાકાત ઉદાહરણો :-

- વિદ્યાર્થીને હોમવર્ક કરવા મન કેમ નથી થતું તે જાણવા ઇન્ટરવ્યુ.
- શિક્ષક દ્વારા બાળકોના મોબાઇલ ઉપયોગના પ્રભાવ માટે ચર્ચા
- શાળામાં ડિપ્રેશન કે એન્ઝાયટીના કેસ માટે કાઉન્સેલિંગ મુલાકાત

Meetવાડ / Meetવાડ

(૨) પ્રશ્નાવલી પદ્ધતિ :-

પરિભાષા :-

પ્રશ્નાવલી એ પ્રશ્નોની લખિત યાદી છે જેને પ્રતિભાવક પોતાના સમય પ્રમાણે ભરી જવાબ આપે છે. મોટા સમૂહમાંથી ઓછી મહેનત, ઓછા ખર્ચ અને ઝડપ માહિતી મેળવવા માટે આ પદ્ધતિ લોકપ્રિય છે.

પ્રશ્નાવલી પદ્ધતિ માં સંશોધક ચોક્કસ વિષયને લગતા પ્રશ્નો લખિત સ્વરૂપે રજૂ કરે છે અને પ્રતિભાવક પાસેથી લેખિત જવાબ મેળવે છે.

* વિશેષતાઓ :-

- તેમાં જવાબ લખિત સ્વરૂપે લેવા માં છે જેના ઉત્તર આપનાર સરળતા જવાબ આપી શકે

- પ્રશ્નાવલી પદ્ધતિ માં પ્રશ્નો વિકલ્પ આધારિત અથવા વર્ણનાત્મક હોઈ શકે છે.

Meetરવાઈ / Meetrai

- પ્રશ્નાવલિ પધ્ધતિ એક સાથે ઘણા લોકો સુધી પહોંચાડી શકાય છે.

- આ કરકસરીય વિસ્તરણ માટે ખૂબ યોગ્ય છે.

* પ્રશ્નોના પ્રકાર :-

1. બંધ પ્રશ્નો :- આ પ્રશ્નો માં માત્ર હા કે ના અથવા વિકલ્પો પસંદ કરી ને જ જવાબ આપવાનો હોય છે.

2. ખુલ્લા પ્રશ્નો :- આ પ્રશ્નો માં ઉત્તર આપવા વાળા ને છૂટ હોય છે અને પોતા ના શબ્દો માં જવાબ આપવાનો હોય છે.

3. દ્વિવિકલ્પ પ્રશ્નો :- આવા પ્રશ્નો માં માત્ર બે વિકલ્પો હોય છે જેમાં હા કે ના માં ઉત્તર એવા વિકલ્પો હોય છે.

4. લિકર્ટ સ્કેલ :- આમાં વ્યક્તિ ના વલણો, મત, ભાવના, માન્યતા ઓ અને અભિગમ માપવામાં આવે છે.

Meetરાજ / Meetરાજ

5. મિશ્ર પ્રશ્નો :- મિશ્ર પ્રશ્નો માં ઉપર ના બધા જ પ્રકારો નો સંયોજન હોય છે.

* પ્રક્રિયા વિગતવાર :-

1. સંશોધન હેતુ નક્કી હોય છે.

2. પ્રશ્નોની તૈયારી - સરળ, સ્પષ્ટ, સંક્ષિપ્ત

3. ડ્રાફ્ટ તૈયાર કરીને પાયલટ ટેસ્ટ

4. પ્રશ્નાવલી નું વિતરણ

5. સમય મર્યાદા આપવી, જવાબ એકત્રિત કરવા

6. આંકડાકીય ટેબ્યુલેશન, ગ્રાફ, ટકાવારી

7. પરિણામો નું વિશ્લેષણ અને રિપોર્ટ

# Meetraj / Meetમલ

* લાભો :-

- ઓછા સમૂહના ઝડપી માહિતી મળે છે, જે નાણાં સાથે માહિતી મળી આવે છે.

- તેમાં ઓછો ખર્ચ અને સરળ ઉપયોગ થાય છે.

- ઇન્ટરવ્યુઅર ની અસર ઓછી → વધુ નિષ્પક્ષતા

- જવાબ લેખિત કરાવવા રૂપે સાચવી શકાય છે.

- તેના દ્વારા ગાણિતિક / સંખ્યાત્મક વિશ્લેષણ માં સરળતા પડે છે.

* મર્યાદાઓ :-

- પ્રશ્ન ન સમજાય તો ખોટા જવાબ અથવા જવાબ ખૂટતા છોડી દઈ શકે છે.

- ક્યારેક પ્રશ્નાવલી ભરવામાં લોકો રસ લેતા નથી.

- ભાવનાત્મક / અંતર્મન માહિતી નો અભાવ જોવા મળે છે.

## મર્યાદાઓ / Limitations

- ક્યારેક પ્રશ્નો કઠોર હોવાને કારણે લવચીકતા ઓછી જોવા મળે છે.

- ખુલ્લા પ્રશ્નોમાં લાંબો જવાબ મળવો દુર્લભ છે.

* ઉદાહરણો :-

- કોલેજ વિદ્યાર્થીઓમાં ઇન્ટરનેટ લત પર સર્વે

- નવી શિક્ષણ નીતિ અંગે વિદ્યાર્થીઓની અભિપ્રાય શોધવા.

- પરીક્ષા બાદ પર 200 વિદ્યાર્થીઓની પ્રશ્નાવલી આધારિત અભ્યાસ

Meet રાજ / MEETRAJ

[redacted]

નિષ્કર્ષ :-

મુલાકાત પદ્ધતિ વ્યક્તિગત, માનસિક અને ભાવનાત્મક માહિતી ઊંડાણથી મેળવવામાં અસરકારક છે, જ્યારે પ્રશ્નાવલી પદ્ધતિ મોટા સમૂહ માંથી ઝડપ, પ્રમાણભૂત અને આંકડાકીય માહિતી મેળવવામાં સહાયક છે. બંને પદ્ધતિ એકબીજા ની પૂરક છે. અને સંશોધન ના હેતુ, સમય, નાણાં, પરિસ્થિતિ અનુસાર પદ્ધતિ પસંદ કરવી જોઈએ.